આપણું પોતાનું અખબાર

હંમેશા બતકની માફક વર્તો.. સપાટી પરથી નિશ્ચલ અને ધીરગંભીર પણ નીચેથી ઘણા જ મહેનતુ અને ઉત્સાહી
- જેકબ હાર્ડિન

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૬૬ | ૨૬ ઓગષ્ટ, ૨૦૧૩, સોમવાર; શ્રાવણ વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



# ભોળાભાઈ પટેલ બી.બી.એ. કોલેજમાં સ્નાતક ઉમેદવારો માટે મેગા પ્લેસમેન્ટ યોજાયું

ગાંધીનગર, તા. ૨૫

કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા તાજેતરમાં આઈ.એલ.એન્ડ એફ.એસ. સ્કીલ્સ ડેવલપમેન્ટ કોર્પોરેશનના સહયોગથી ગાંધીનગરની ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ બિઝનેશ એડમિનિસ્ટ્રેશન (બી.બી.એ.)માં કોલેજના ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ માટે મેગા પ્લેસમેન્ટનું સુંદર આયોજન થયુ હતુ. કોલેજના ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતા.

કડી સર્વ વિશ્વ વિદ્યાલય યુનિવર્સિટીના રજિસ્ટાર પ્રો. એસ.કે. મંત્રાલા દ્વારા જણાવ્યા મુજબ કડી યુનિવર્સિટી દ્વારા તેમના દરેક ફેકલ્ટીના ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ માટે પ્લેસમેન્ટનું આયોજન કરવામાં આવશે. આજે આયોજીત થયેલા પ્લેસમેન્ટ કાર્યક્રમમાં ગાંધીનગરની ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ (બી.બી.એ.)ના ૫૦ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તથા એન.પી. કોલેજ ઓફ મેનેજમેન્ટ કડી (બી.બી.એ.)નાં ૫૦ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

આઈ.એલ એન્ડ એફએસ સ્કીલ્સ કંપની દ્વારા પ્રથમ તબક્કામાં પ્રેઝન્ટેશન અને કાઉન્સલિંગ રાખવામાં આવ્યુ હતુ. તદ્ઉપરાંત બીજા તબક્કામાં ગ્રુપ ડિસ્કશન અને પર્સનલ ઈન્ટરવ્યુ ગોઠવાયા હતા. તમામ તબક્કામાં સફળ થયેલા ઉમેદવાર ૩૫ દિવસની નિઃશુલ્ક ટ્રેનિંગ માટે પસંદ થયા હતા. આ ઉમેદવારો માટે ૩૫ દિવસની નિઃશુલ્ક ટ્રેનિંગ ભોળાભાઈ પટેલ કોલેજ (બી.બી.એ.) ખાતે આપવામાં આવશે. ત્યારબાદ આ ઉમેદવારોનું કંપનીઓમાં જોબ પ્લેસમેન્ટ કરવામાં આવશે. ટ્રેનિંગમાં અંગ્રેજી ભાષા સહિત કોર્પોરેટ ક્ષેત્રની તમામ બાબતોને આવરી લેવામાં આવશે. તમામ પસંદ થયેલ ઉમેદવારોને અભિનંદન આપવામાં આવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમને બી.બી.એ. કોલેજની પ્લેસમેન્ટ કમીટી દ્વારા સફળ બનાવવામાં આવ્યો હતો. જેમા ડૉ. રમાકાંત પ્રસ્ટી આચાર્ય, ડૉ. જયેશ તન્ના, પ્રો. માર્ગી દેસાઈ, પ્રો. આશિષ ભુવા દ્વારા ખૂબ જહેમત ઉઠાવવામાં આવી હતી. આઈએલ એન્ડ એફએસ સ્કીલ્સ ડેવલમેન્ટ કોર્પોરેશન ટીમે સંપૂર્ણ જવાબદારી નીભાવી હતી.